GJVD020549132025

**૧૪ માં એડી. ચીફ જયુડી.મેજી. શ્રી એમ. એચ. પઢીયાર સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.**

---

**ફોજદારી કેસ નંબર** 49779-2025

**આંક:**

**ફરિયાદી :-** **શ્રી સરકાર**

**વિરુદ્ધ**

**આરોપી/ઓ :-** **રઘુનાથસિંહ ધુળાભાઈ પરમાર**
**રહે. વરસડા, તા. ડેસર, વડોદરા.**

**ગુનો : BNS 281 મુજબ**

**:: ચુકાદો ::**

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે ચાર્જશીટના કોલમ નં. ૫ માં જણાવ્યા મુજબનો આરોપીએ ગુનો કરેલ હોય આરોપી વિરુધ્ધ ગુનાની ફરીયાદ નોંધી તપાસ પુર્ણ કરી આ અદાલતમાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવી અલગથી ગુના કબુલાત પુરસીસ તેમજ ત્યારબાદ સદર ગુના સંબધેની આરોપીની પ્લી નોંધાવમાં આવેલ છે. જેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુનાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુનાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. અને આરોપીને **BNS 281** મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત

તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે. પ્રથમ વખત ભુલ થયેલ છે. કુંટુંબ કબીલાવાળા માણસ છે. કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે. ગુનો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

( ૩ ) ફરીયાદપક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુનો કરેલ હોય જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાઈ આવે છે. તેમજ કુંટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચ્યાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુનો નહી કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીનું સામેનું તહોમત તેમજ ગુનાની ગંભીરતા અને સજાની જોવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા આરોપીની વિરુધ્ધ આ પ્રકારનો પ્રથમ ગુનો હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે **BNS 281** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાતમુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આજરોજ તારીખ **૧૪ મી માહે માર્ચ,સને ૨૦૨૬ ના રોજ** સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૪-૦૩-૨૦૨૬**
**વડોદરા.**

**( મહમદરાહિલ હમીદભાઈ પઢીયાર)**
**કોડ નં. GJ 01145**
**૧૪ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**વડોદરા.**

**પાવતી નંબર...................**
**રૂા. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા)**
**તા.૧૪-૦૩-૨૦૨૬**

**નાઝર**